R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

October - 2015

Total - 44 Pages

Vol No. 59 Issue No. 7



## દીપોત્સવી અંક



દિવાળીની શુભેચ્છા તથા નૂતન વર્ષાભિનંદન

HAPPY Diwali



## વાર્ષિક રસોત્સવ

તથા

## ટેલીફોન ડીરેક્ટરીનું વિમોચન અને વિતરણ

તા. ૨૯-૧૧-૨૦૧૫



2nd Cover Page

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ઘરીવાળા) પુરસ્કૃત

## ૬૪મો વાર્ષિક રસોત્સવ યોજે છે

# મનોરંજન કાર્યક્રમ

**તારીખ : ૨૯-૧૧-૨૦૧૫ રવિવાર**

**સમય : સવારે ૯.૦૦ કલાકે**

**સ્થળ: બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

**મુખ્ય મહેમાન: શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા)**

**ટિકિટનું વિતરણ: ૨૨-૧૧-૧૫ રવિવારે, સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકિટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫/૪૯, બાલકૃષ્ણ કો.હા.સો.લિ., બાબુગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ.

૨) **વાંદરા થી ગોરેગામ** : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી: બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬.

૩) **મલાડ થી કાંદિવલી** : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી): એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મોબાઈલ - વસંત પરીખ : ૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરિવલી થી વિરાર** : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) : સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલ: ૯૮૨૦૦૧૫૮૬

**નોંધ: વ્યક્તિ દીઠ બે ટિકિટ આપવામાં આવશે.**

**ટિકિટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે.**

**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળેથી મેળવી લેવી.**

**નીકોશી ટ્રેડીંગ કંપની:** ૧૨/૫ ૧લે માળે, કાર્મેલસ બીલ્ડીંગ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ-૪૦૦૦૦૨, **સંપર્ક: શ્રી સમીર ગાંધી** - ૦૨૨-૨૨૦૬૦૨૯૪.

આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી** | **સંયોજક : શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૯ | ૦૭ | ૨૧-૧૦-૨૦૧૫ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# નમસ્કાર

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**સ્નેહીજનોને અમારા જે જે શ્રી ગોકુલેશ**

દિવાળી પર્વના મંગલદિપ શ્રી લક્ષ્મીજીની અસીમ કૃપા વરસાવે, ધન ધાન્યના ભંડાર ભરપૂર રાખે, સદા સ્વાસ્થ્ય, પ્રીતી, જીવન અને વેપાર કાર્યમાં ઉત્કર્ષ અને પ્રગતિના દ્વાર ખોલી સર્વ સફળતા બક્ષે એવી અમારા સર્વની હૃદયપૂર્વકની પ્રાર્થના.

## આભાર તથા પરિચય

હથેળી માં છે લાભ શુભ, ને કંકુ ચોખા ફૂલ
તન, મન માં છે વ્રજ વૈકુંઠ, ને પળ પળ માં ગોકુળ

**- શ્રી સુરેશ દલાલ**

સૌ બાલાસિનોરવાસીઓને મારા જે જે શ્રી ગોકુલેશ, સાદર પ્રણામ. શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ મારી 'જ્યોતિપુંજ'ના તંત્રી પદે વરણી થઈ છે તે માટે સંસ્થાના સર્વ હોદ્દેદારો અને સંઘના અત્યારસુધીના વર્ષોના સર્વ સભ્યોનો, ટ્રસ્ટીગણનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મારો સ્વ પરિચય એટલે રજનીકાંત રમણલાલ પરીખ (જુનાગઢવાળા) મારા પિતા, માતા હસુમતી, પ્રેમાળ પત્ની હેમા, વ્હાલસોયી દિકરી શચી. અમે ત્રણ ભાઈ-બહેનો મીતા, હિતેષ અને હું સૌથી નાનો. દાદા-દાદી એટલે રમણલાલ તથા લીલાબેન અને નાના-નાની એટલે ભીખાલાલ છોટાલાલ મોદી (બાલી) તથા ઈચ્છાબેન. મારા ગુરૂ મારા આદર્શ એટલે શ્રી સુરેન ઠાકર 'મેહુલ'. તેમના સાનિધ્ય, મૈત્રીભાવ અને આત્મીયતાને કારણે હું કંઈક શીખ્યો છું.

તંત્રી મંડળના મારા ઉત્સાહી અને ખંતીલા સભ્યોની નામાવલિ આ પ્રમાણે છે. શ્રી પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લઠ્ઠા પારેખ) શ્રી તુષાર મહેન્દ્રભાઈ કડકીઆ

(બનડા) તથા શ્રીમતી નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા). આપ સર્વના સુંદર સાથ સહકાર, અનન્ય પ્રેમ અને પ્રોત્સાહને અમને જ્યોતિપુંજ માટે બળ પૂરું પાડયું છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અમને ઘણાએ પ્રોત્સાહિત કર્યા છે.

## જ્યોતિપુંજ

દર મહિને પ્રકાશિત થતું આપણી જ્ઞાતિનું આ ગુજરાતી મુખપત્ર સૌનુ લાડકું છે. સંઘ સહિત સર્વ સંસ્થાઓના સમાચાર, આપણી નાતના અગ્રગણ્ય લેખક મિત્રો તથા ઋજુ હૃદયના કવિતાના રચયિતાઓ થી અને તહેવારો, જ્ઞાતિના ઉત્સવો, અગત્યની વિગતો થી જ્યોતિપુંજ સૌના હૃદયકમળમાં બિરાજે છે. જ્યોતિપુંજ માટે નાના નાના ફેરફારો ચાલુ કરી ઘણા ફેરફારો કરવા જરૂરી છે. સફેદ દૂધ જેવા ઉજળા પાના એટલે ફેરફારનો પહેલો ક્રમ. ચોકલેટ્સ, હિંડોળાખાટ, મોહે રંગ દે, ના કહેવાય ના સહેવાય વગેરે નવા વિભાગો ઉમેરી સૌને સામેલ કરવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે. આ સિલસિલો ચાલુ રહેશે. હું અને મારી સમગ્ર તંત્રીમંડળની ટીમ શુભ આશય સાથે સર્વના હિતને ધ્યાનમાં રાખીને અમારા થી બનતું શ્રેષ્ઠ કાર્ય નિષ્ઠાપૂર્વક નિભાવીશું. જ્યોતિપુંજની પ્રગતિ એ આપણા સૌનું લક્ષ્ય છે. આ મેગેઝીન દ્વારા સર્વ રીતે સૌનો ઉત્કર્ષ થાય, સૌને માર્ગદર્શન મળે એવી અમારી નેમ રહેશે. જ્યોતિપુંજને શોભાવનાર સર્વ લેખક મિત્રો, કવિ, વિશેષ માહિતી મોકલનાર સર્વ રસિકજનોને ધન્યવાદ. તમારા શ્રેષ્ઠ વિચારો રજૂ કરવા અમારું ખાસ મામંત્રણ છે. લેખકો, કવિ, વિદ્વાનો, વિવેચકો, યુવાનો આગળ આવો, તમારી કલમ દ્વારા જ્યોતિપુંજને સમૃદ્ધ બનાવો, પ્રગતિમય બનાવો.

અત્યાર સુધી જ્યોતિપુંજને શોભાવનાર અને કાર્યકરનાર સર્વ તંત્રીનો હું હૃદયપૂર્વક આભારમાનું છું. જ્યોતિપુંજનું બંધારણ બદલાયું ન હોવાથી છેલ્લા પોણા બે વર્ષ તંત્રી મંડળમાં રહીને મેં આ કાર્ય નિભાવ્યું છે. હવે બંધારણ બદલાઈ તૈયાર થઈ ગયું હોવાથી તંત્રી પદ હેઠળ અમારો આ પ્રથમ અંક તમારી સમક્ષ રજૂ કરતાં અમે હર્ષ અનુભવીએ છીએ.

## ગુજરાતી ભાષાનો પહેલો તંત્રી

મે ઘેર આવી કલમના સામું જોઈ આંખમાં તેને ઝળઝળીયાં સાથે અરજ કરી કે 'હવે હું તારે ખોળે છઉં'. આ ઉદ્‌ગાર હતા આપણા કવિ વીર નર્મદના. (શબ્દોની જોડણી ત્યારના સમય મુજબની જ રાખી છે.)

નર્મદ એટલે પ્રેમાળ મિત્ર, દર્દદિલ પ્રેમી, સાહસિક પ્રવાસી, ધીર દેશભક્ત, નીડર સમાજસુધારક, ઉદાર ધર્મ ચિંતક, વિચક્ષણ લોકનાયક, એમ નર્મદના રંગીન અને રોમાંચક વ્યક્તિત્વનાં અનેક પાસાં હતાં. તેની સમય સાથેની એકાત્મતા અતિ ગાઢ હતી. સમય વિશેની સંવેદનશીલતા અતિ તીવ્ર હતી. જમાના સાથેનું તેનું સાનિધ્ય અને તેના સ્વભાવનો સર્વોપરિ ગુણ એટલે સત્યનિષ્ઠા. પોતાને સત્ય લાગ્યું તે કહેવું અને તદ્‌નુસાર વર્તવું એ નર્મદની નીતિ હતી. સચ્ચાઈના માર્ગે સંઘર્ષો ખેડતા તેનામાં વીરતા અને દૃઢતા જેવા બીજા મોટા ગુણ ખીલ્યા હતા અને એટલે જ વીર, સત્યને રસિક ટેકીપણું તેના જીવનપટ પર રત્નકણિકાની માફક ઝળક્યા કરી છે.

કેવળ સાહિત્યસર્જન કરવું તે એકવાત છે. અને નવીન પ્રસ્થાનરૂપે સર્જન કરવું તે જુદી વાત છે. ધર્મ તથા સમાજ જેવા ક્ષેત્રોમાં સુધારાપ્રવૃત્તિ ચલાવતાં ચલાવતાં નવીન પ્રસ્થાન રૂપ સર્જન કરવું એ વળી ત્રીજી જ વાત થઈ.

પોતાની પ્રથમ સફળ આત્મકથામાં આરંભમાં જ એ કહી દે છે જે જે હું લખીશ તે તો મારી જાણ પરમાણે સાચેસાચું જ લખીશ. પછી તે મારું સારું સારું હો કે નરસું હો, લોકોને પસંદ પડો કે ન પડો.

અઢી દાયકાના તેના સાહિત્યિક પુરુષાર્થના ફળસ્વરૂપે નર્મકવિતા, નર્મગદ્ય, અલંકારપ્રવેશ, રસપ્રવેશ, પિંગળપ્રવેશ, નર્મકોશ વગેરે ગ્રંથો તૈયાર થયા. ગુજરાતી ગદ્યનો તો તે પિતા જ ગણાયો. નિબંધ, વિવેચન, ચરિત્ર, આત્મકથા, ઈતિહાસ, કોશ વગેરે નવીન પ્રકારો ખેડીને તેની પરંપરા તેણે ચાલુ કરી


સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

આપી. ૧૮૫૯ થી પોતે 'સંસ્કારી સુધારાવાળો' થયો એમ તેણે નોંધ્યું છે લગભગ એક દાયકા સુધી તેનું સમાજ સુધારાનું કાર્ય ચાલ્યું. ૧૮૫૯માં કુટુંબની સ્ત્રીઓને કાંચળી (બ્લાઉઝ) પહેરી ને નાતમાં જમવા મોકલી તે પહેલો સુધારો. પછીને વર્ષે ગણપત દિવાળીનું પ્રથમ વિધવા લગ્ન કરાવ્યું. ૧૮૬૩માં શ્રીમંતો બને સત્તાધીશોના ભષ્ટાચાર ખુલ્લા કરવા માટે 'ડાંડિયો' પાક્ષિક પત્ર કાઢવું.

નર્મદ કહે છે મારા ગરીબ પણ કુલીન માબાપના સદ્ગુણો વિષે હું જેટલું બોલું તેટલું થોડું છે ને બોલું તે પણ લોકમાં બડાઈ કહેવાય. હું મારા અંતઃકરણથી ઈચ્છું છું કે જેટલો હું તેઓથી સંતોષ પામ્યો છું તેવો સંતોષ બીજા છોકરાંઓ પણ પોતાનાં માબાપ થી પામે.

હું જવાન છઊં, જોસ્સાવાળો છઊં, બોલવાની છટા છે, વિચાર તરત સૂઝે છે, નાગરી ન્યાતમાં છઊં, હવે મારો ગરમ થયેલો વિચાર સહેલથી જોસ્સાવાળી ભાષામાં કેમ ના નિકળે ? મારી ગદ્યની ભાષા તે સરળ ને જોસ્સાવાળી, સહુ કહે છે, ત્યારે મારી કવિતાની ભાષા સરળ ને જોસ્તાવાળી કેમ ન હોય? કવિતા લખતાં તો જોસ્સો બહુ ઉભરાઈ આવે છે. હું ગામડિયો નથી, પણ શહેરી છઊં, ઉંચ કુળનો છઊં, ઊંચી સંગતમાં છઊં, જન્મ ધરી શુધ્ધ બોલતો લખતો આવ્યો છઊં, માટે મારી ભાષા શુધ્ધ કેમ ન હોય ?

કવિ વીર નર્મદ આપણા સર્વમાં વસે છે, કંઈક અન્યાય, કંઈક તકલીફ, કંઈક ખામી આપણને મંજૂર નથી હોતી. સૌ પરિવર્તન ના આગ્રહી છે. એક જોશ, જુસ્સો, ખુમારી અને ક્રાંતિકારી વિચાર જ પરિવર્તન આણે છે અને અસત્ય, અન્યાય, ખટપટના નામોનિશાન મીટાવી દે છે.

**એટલે જ જોસ્સા સાથે નર્મદ કહે છે ...**

**ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું,**

**મૂકી ને પાછા ના હઠવું ના હઠવું.**

**'યા હોમ કરી ને પડો, ફત્તેહ છે આગે'.**

❖❖❖❖❖



સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# કાળા વાદળોની પાછળ સોનેરી કિરણો હોય છે

- શૈલેષ કી. દેસાઈ

**'રાત ભર કા હે મહેમા અંધેરા**
**કીસ કે રોકે રુકા હે સવેરા ...'**

કવિએ બહુ જ સાચી જ વાત કહી છે, જિંદગી એટલે રાત અને સવારનું સંમિશ્રણ એટલે કે સુખ ને દુઃખની પરંપરાગત ઘટમાળ... જીવન એટલે ચોક્કસ સમયે તડકો અને ચોક્કસ સમયે છાંયડો જિંદગી એટલે સંઘર્ષ. સંઘર્ષ એ જીવનનો બીજો પર્યાય છે. દરેક વ્યક્તિના જીવનમાં સંઘર્ષ જરૂર આવે છે. ફક્ત તેની માત્રા જ ઓછી વધતી દરેકના જીવનમાં હોઈ શકે, પરંતુ મોટા ભાગની વ્યક્તિના જીવનમાં જ્યારે સંઘર્ષ આવે છે ત્યારે તે વ્યક્તિ સંઘર્ષને બાથ ભીડવાને બદલે ગભરાઈ જાય છે. હતાશ થઈ જાય છે. તૂટી જાય છે ને કોઈકવાર આપઘાતનો વિચાર કરે છે. નાશીપાસ થઈ યોગ્ય નિર્ણય નથી લેતો એટલે સંઘર્ષથી ઘેરાયેલી વ્યક્તિને ચારે બાજુ અંધકાર સમાન જીવન કાળી રાત્રી જેવું લાગે છે પણ જે અહિં સામનો કરે છે તે વ્યક્તિ રાત્રી પછી સવારના સમયની રાહ જુએ છે જે કોઈના રોકે રોકાતો નથી.

મુંબઈમાં ભદ્રશાળી વિસ્તારમાં રહેતા ઘણા મુંબઈથી નજદીક પૂના, લોનાવાલા, ખંડાલા, નાશીક, બંગલો વસાવે છે. આમ એક કુટુંબ સાંજના સમયે રજા મનાવવા બંગલા તરફ પૂરપાટ ઝડપે ગાડી હંકારી જતા હતાં જલદી પહોંચવાની ઈચ્છાઓને કામનાઓ બેગમાં ભરી જતાં હતાં. ગાડીમાં કેસેટેનો અવાજ, કાનમાં મોબાઈલ અને સામે આવતી ગાડીની લાઈટમાં કંઈ દેખાય ન દેખાય ત્યાં જ અકસ્માત ને નોતર્યું જેમાં પતિ અને બાળક પળભરમાં જ જીવનથી વિદાય લીધી. ક્ષણમાં આકાશ તુટી પડયું ને માબાપે પોતાની ઘેર બોલાવી લીધી, મોટે ભાગે પ્રથમ લગ્નની વાત હંમેશા પડછાયા રૂપે બીજા દાંપત્યજીવન પર અસર કરે છે. અહી સમય વ્યતિત કરવા ને થોડી આમદાનીની આશાએ સ્કુલમાં નોકરી મેળવી ને તેજ ઉમરના શિક્ષક સાથે પરિચય લગ્નમાં પરિણમ્યો. નવા જીવનની શરૂઆત થતાં સંઘર્ષોની બાદબાકી થઈ.

૨૯ વર્ષની દિકરી ટાઈમ પાસ માટે જ્વેલરીની દુકાનમાં સેલ્સમેનની ભૂમીકા સ્વીકારીને પડોશીના સંબંધમાં પરદેશથી આવેલા યુવકની નોંધ લેવાઈ ફક્ત ૧૯મે દિવસે લગ્ન કરી પરદેશ વસી ગઈ. મુંબઈ ૩ માં ટ્રાન્સપોર્ટ કંપનીનું ૨૦ લોરી ખાલી કરી સમાય તેટલું ગોડાઉન દોનતાડ સ્ટ્રીટમાં આવેલું, રાત્રે ભિષણ આગને કારણે પૂર્ણ ભસ્મીભૂત થઈ ગયું જીવન રાખ સમાન લાગ્યું પણ આજે એ જ ટ્રાન્સપોર્ટ કંપની ની ૧૮ શાખાઓ છે.

લગ્ન બાદ ત્રણેક મહિના બાદ માબાપે દીકરાને આગ્રહ કરી બિલ્ડીંગના ચોકમાં ક્રીકેટ રમવા મોકલ્યો ને બારી માંથી જોતા તે દિકરો હાર્ટએટેકથી ઢળી પડયો. આઘાત ઓસરતા ત્રણેક વર્ષ બાદ સાસુ સસરાએ વહુને દીકરી માની ફરી ઘર વસાવી દિધું. ને જીવનમાં સોનેરી કિરણો પથરાયા, જીંદગીને પૂર્ણ રૂપે શણગારી આવા અનેક દાખલાઓ છે. જેમાં ઘડી બે ઘડી સુખની છાયા પણ દુઃખ સનાતન છે પળે પળે પલટાતું આજે માનવજીવન છે. સુખી નથી કોઈ સંસારી એવી છે આ દુનિયાદારી, સુખ કહો કે દુઃખ બને બંધન છે. દુઃખ સનાતન છે દોસ્તી ફિલ્મમાં આવું જ એક ગીત છે, 'રાહી મનવા દુઃખ કી ચિન્તા ક્યુ સતાતી હૈ, દુઃખ તો અપના સાથી હૈ'. ગુજરાતી નવલકથાના પ્રખર કવિ હરીન્દ્ર દવેએ 'સુખ નામનો પ્રદેશ' નામે એક નવલકથા લખી છે. જેમાં લખ્યું કે માનવ જીવનભર સુખની શોધમાં જ જીવન વ્યતિત કરે છે કોઈને ધારેલું મળી જાય થે ને કોઈકની જીંદગી કોરા કાગજ જેવી પસાર થાય છે. અભિતાભ બચ્ચને 'નિશબ્દ'. ફિલ્મની હીરોઈન જિયાખાનના આપઘાતના સંદર્ભમાં આજની પેઢીને સંબોધિને કહયું કે ગમે તેવા કપરાં સંજોગોમાં હિંમત ન હારવી. અભિતાભે પોતે પેલા દંતકથાના પંખી

રાખમાંથી પ્રગટ થતા ફિનિક્સ ની જેમ કરોડોના દેવા પછી ફરી ટોચ પર પહોંચ્યા.

**"A Rom built in a night' & did it."**

મહાભારતનો એક સૂચક પ્રસંગ છે. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ પાંડવોથી છૂટા પડયા ત્યારે શ્રી કૃષ્ણે કુન્તીમાતાને કહયું કંઈ કામ કાજ હોય તો જણાવજો. ત્યારે કુન્તી કહે છે કે દુ:ખના ડુંગરો મોકલજો ! આમ કેમ તો કહે કે સુખમાં સાંભરે સોની ને દુ:ખમાં સાંભરે રામ... સૂરી ભક્તે કહયું છે કે દુ:ખમે સુમીરન સબ કરે, સુખમે કરે ન કોઈ, જો સુખમે સુમિરન કરે તો દુ:ખ કાહે હોય ?

ટાઈટલથી વિરુદ્ધ, એટલે સોનેરી કિરણો પછી કાળા વાદળો છવાઈ શકે છે.

એક સમયે બ્રિટિશ એમ્પાયરનું સામ્રાજ્ય દુનિયાભરમાં હતું, સોળ સુરજના તેજ જેવો તેનો સિતારો હતો ને કહેવાતું કે બ્રિટિશ સામ્રાજ્યનો સૂરજ કદી આથમતો નથી. આજે નકશામાં ફક્ત તેનું નામ જ રહ્યું છે. પૂર્ણવિરામના ટપકા જેટલું, બ્રિટિશરો ક્યાં છે ? તેનું વર્ણન એક પુસ્તક "SUNSET of BRITISH EMPIRE" માં લખ્યું છે હૈદરાબાદના નિઝામ જે ધનકુબેર અને લક્ષ્મીપતી ગણાતા જેની સાથે જવાહરલાલ કે બ્રીટીશરો Dinner લેવા એક ગર્વ સમજતા હતા ન ગણી ન શકાય તેવી આરૂઢ સંપત્તિ ના એક પૌત્ર આજે ટર્કીમાં અર્ધપાગલ અવસ્થામાં જીવે છે.

હોલીવુડના પ્રસિદ્ધ પોપ સંગીતના શહેનશાહ માઈકલ જેકસનની પુત્રી પેરિસમાં પંદરવર્ષની વયે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બરોબર તેજ સમયે હોલિવુડના જગવિખ્યાત કોમેડીયન સ્ટીફન ફાયે ૨૦૧૨માં દર્શકોની સમક્ષ કબુલ્યું હતું કે તેણે આપઘાતનો આશ્રય લીધો હતો. લાખો લોકોને હસાવનારના અંગત જીવનમાં ખાલીપો વર્તાય છે. માણસ ટોચ પર પહોંચતા પહોંચી જાય પછી આગળ પાછળ જોતા તેનું પોતાનું કંઈક ન ભાસતા એકાંન્ત ને ખાલીપો માણસને પછાડે છે. મહત્વાકાંક્ષાના આકર્ષણથી જીવી જવાય છે. પણ તે પ્રાપ્ત થયા પછી કે અર્ધાંગિનીના સાથ છુટી ગયા પછી જે ખાલીપો સર્જાય છે. ત્યારે માણસ તૂટી જાય છે. જ્યારે કશું જ મેળવવાનું બાકી નથી રહેતું જેમ કે અખૂટ બેંક બેલેન્સ, બંગલાઓ, પરદેશી ગાડીઓ અસંખ્ય નોકરો પણ પોતાનું કોઈ હોતુ નથી. સુપર સ્ટાર રાજેશ ખન્નાને પત્નીનો સાથ છુટી ગયા પછી શું થયું તે સર્વે વિદિત છે.

**વખત વેદનાનો બહુ વસમો લાગે છે.**
**તેને સમજવું બહુ અઘરૂ લાગે છે.**
**છોડી દે જગત આખુ તમને,**
**ત્યારે એક અંગત બહુ કીંમતી લાગે છે.**

જેમ ડાળીઓ પાંદડા, થડ, પાન, ફુલ, બનીનેજ એક વૃક્ષ બને છે તેમ જીવન ઉતરાણ, ચઢાણ, પીડા, આનંદ, હર્ષ ઉલ્લાસ, સફળતાને નિષ્ફળતાનું મળીને જ બને છે.

**વેણીભાઈ પુરોહિતની પંક્તિઓ આ પ્રમાણે**
**તપ લેખો તો તપ છે જીવન, નહીતર તીખો તાપ,**
**મુસીબતોને પાર કરે તે સુખીયો આપોઆપ.**

તપ અને તાપ વચ્ચે એક કાનાનો ફરક છે. પણ જો કાનો 'કહાનો' બની જાય તો જીવન પાર થઈ જાય. આપણે જેને કટોકટી માની એ છીએ એ ખરેખર તો આપણો સ્વભાવ છે. ખરેખર આપણી અણ આવડતનો પડઘો છે. માણસે તપ અને તાપ વચ્ચે પોતાની કસોટી કરવાની છે. આનંદ બન્નેમાં છે. સુખ અને દુ:ખમાં ... ચઢાણ બન્નેમાં છે બંનેની ગંગોત્રી પીડા છે. જે છે એને કેવી રીતે ભૂસી શકાય? પેનથી લખેલું રબ્બરથી ભૂસવામાં ઘણીવાર કાગળ છોલાઈ જાય છે પ્રથમ ઘેરાય છે વાદળ, ને પછી આવે વરસાદ પણ યાદ રહે વરસાદ પછી ઉઘાડ આવે છે.

બધા કંઈ અભિતાભની માફક રાખમાંથી લાખ નથી બની શકતાં પણ ઊભા થવાનો પ્રયાસ કરવો એ સમજૂ માણસની નિશાની છે. આજના ટીનએજર્સને યાદ રાખવું ઘટે કે કાળા વાદળો પાછળ સોનેરી કિરણો હોય છે તો સોનેરી કિરણો પછી કાળા વાદળો છવાઈ શકે છે.

❖ ❖ ❖ ❖ ❖

# વો જબ યાદ આયે. ...

રાજેષ કડકીઆ (યુ.એસ.એ.)

'વો જબ યાદ આયે, બહુત યાદ આયે...
ગમેં જીંદગી કે અંધેરેમેં હમને
ચરાગે યહ યાદોં કે જલાયે બુઝાયે'

યાદ-સ્મૃતિ આપણાં સહુનાં જીવન સાથે અતૂટ બંધન સમ બંધાયેલી છે. જે આજીવન મૃત્યુ પર્યંત સદૈવ આપણને સહુને સારા નરસાં કર્મોની યાદ સતત જીવનની અંતીમ પળ તક સતત આપણાં મનમાં ઝબૂકતી રહે છે. ઘણાં લોકોની યાદદાસ્ત એટલી તો સારી હોય છે જે વર્ષો પુરાણી સ્મૃતિ કદી વીસરતાં નથી. જ્યારે નબળી યાદશક્તિ વાળી વ્યક્તિઓ હજુ ગઈ કાલની સામાન્ય ઘટના કે શું ખાધું હતું તે પણ વિસરાઈ જાય છે.

અગર કોઈ વ્યક્તિ સારાં કર્મોની સુવાસ ફેલાવીને મૃત્યુ પામશે તો તેનાં સગા-વ્હાલા, પરિવારજનો, મિત્રો વગેરે સતત વર્ષો સુધી તેમને યાદ કરતાં રહેશે. જ્યારે અધમ, નીચ, પાપકર્મો કરેલ વ્યક્તિને ભાગ્યે જ ક્યારેક કોઈ યાદ કરશે. આપણાં શરીરનું એક જ તંત્ર એ આ ચેતાતંત્ર મન, મગજ, યાદ, છેવટ પર્યંત સતત સક્રિય રહે છે. આપણાં અંત સમયે આપણાં સહુનાં જીવનની ઘટમાળ ફાસ્ટટ્રેક પર દોડતી મેલ ગાડીની ઝડપે થોડી જ ક્ષણોમાં પસાર થાય છે ત્યારે વ્યક્તિનાં ચહેરા ઉપર ખૂબ જ દુઃખ તાણની લાગણી ઝળકી ઉઠે છે. ત્યારે આપણી સમક્ષ ઉપસ્થિત પરિવારજનો, આપ્તજનો એમ વિચારેકે આ વ્યક્તિ ખૂબ જ રીબાય છે હવે તેનાં પ્રાણ આ દેહમાંથી જેટલો જલ્દી મુક્તિ પામે તેટલું સારું.

આપણી શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન આપણાં જ્ઞાન વગેરે મગજમાં સંગ્રહાય છે જે વર્ષોના વર્ષો અકબંધ રહે છે. વળી પાછું આ જ્ઞાનનો ઉપયોગ આપણે સહુ જીવનમાં ડગલેને પગલે કરતાં જ હોઈએ છીએ. આજે વિજ્ઞાન તથા તબીબી ક્ષેત્ર એટલું બધું આગળ વધી ગયું છે કે માનવીનાં શરીરનાં ઘણાં બધાં અંગો જેવાં કે આંખ, હૃદય, લીવર, કિડની વગેરે શસ્ત્રક્રિયા દ્વારા અન્ય વ્યક્તિનાં શરીરમાંથી કાઢી લઈ દર્દીના શરીરમાં જોડવામાં આવે છે. ઘણી બધી શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડ્યા બાદ આપણું શરીર નવા અંગોને સમયાંતરે અપનાવી લે છે. જ્યારે અમૂક અપવાદરૂપ કિસ્સામાં શસ્ત્રક્રિયા સફળતા પૂર્વક પાર પડી હોય તો પણ ટૂંક સમય બાદ વ્યક્તિ અવસાન પામે છે.

હજુ સુધી એવું ધ્યાનમાં નથી આવ્યું કે તબીબીઓ અમૂક વ્યક્તિનાં શરીરમાંથી મગજ કાઢી અન્ય વ્યક્તિમાં નીરૂપણ કર્યું હોય. આનું એકમાત્ર કારણ એક જ છે કે કુદરતે આપણાં ચેતાતંત્ર, મગજ, કરોડરજ્જુ વગેરેની એવી કરામત કરી છે કે હજુ વિજ્ઞાન કે તબીબો, તજજ્ઞો આ ક્ષેત્રે કોઈ જ સિદ્ધી હાંસલ કરી શક્યા નથી. આથી જ સામાન્ય રીતે એવું કહેવાય છે કે ક્યારેક વર્ષોથી આપણી સાથે રહેનાર વ્યક્તિનાં મનની વાતનો તાગ આપણે પામી શકતા નથી. આનું એકમાત્ર કારણ એ પણ હોઈ શકે કે આપણે આપણા અંતરની લાગણીઓનું એટલે સુધી દમન કરીએ છીએ કે આપણા મનની મૂંઝવણ આપણી અંગત નજીકની વ્યક્તિ સુધી કદિય પહોંચતી જ નથી.

અને આમ સતત તાણમાં રહેનાર વ્યક્તિ ક્યારેય હૃદયરોગનાં ગંભીર હુમલાનો ભોગ બની જાન ગુમાવી બેસે છે. આપણે સહુએ એક વાત ખૂબ જ સારી રીતે સમજી લેવી જરૂરી છે કે મન-હૃદયમાં ઉઠતી-ઉછળતી લાગણીઓને દમન કર્યા વગર ખળખળ વહેતા ઝરણા માફક વહેવા દો કે જેથી કરીને શરીરનાં કોઈપણ તંત્ર ઉપર કોઈ જાતની તાણ કે માનસીક તનાવ ઉત્પન્ન ન થાય કે જેથી કરીને ટૂંકા કે લાંબા ગાળે તેની શરીર પર કશીક માઠી અસર પહોંચે.

જો કે આજકાલ ટેલીફોન, ઈમેઈલ, ટેક્સ મેસેજ, ફેસબુક, વ્હોટસએપ વગેરેના સહારે માણસ ક્યાંયને ક્યાંય કોઈ પણ સ્વરૂપે પોતાની લાગણી કોઈકને કોઈક સાથે શેર (વેંચી) કરે છે. આપણી જાગૃત અવસ્થા કે શયનાવસ્થામાં પણ આપણું મગજ તો સતત કાર્યશીલ

રહ્યા જ કરે છે. એક કહેવત સામાન્ય રીતે ખૂબજ પ્રચલીત છે કે અન્ન તેવો ઓડકાર એટલે કે આહાર તેવો વિચાર. આથી જ શરાબ, મદિરા પાન કરનાર કે માસાંહારી વ્યક્તિઓ સામાન્ય રીતે તામસી પ્રકૃતિ ધરાવતી હોય છે. જ્યારે શાકાહારી વ્યક્તિઓ લગભગ શાંત પ્રકૃતિ કે ગુસ્સા ક્રોધવાળો સ્વભાવ ધરાવતી નથી હોતી. બીજું એક તારણ એમ પણ નીકળે છે કે સોબત તેવી અસર. એટલે કે અગર આપણે ધાર્મિક કે સંસ્કારીક વ્યક્તિનાં સંગતમાં રહેતા હોઈશું તો આપણે લાગણીશીલ નિર્મળ વ્યક્તિત્વ ધરાવતાં હોઈશું. જો કે દરેક બાબતમાં ક્યાંક તો અપવાદરૂપ હોય જ છે.

તાજેતરમાં બનેલી ઘટનાઓ ઉલ્લેખ કરતાં ખૂબ જ ખેદપૂર્વક યાદ કરતાં શરીરનાં રોમેરોમ ખડા થઈ જાય છે. હાલમાં ફ્રાન્સ ખાતે ઘટેલ વિમાન દુર્ઘટનાની ઘટના એક કડવું સત્ય એ બહાર આવ્યું છે કે ૨૮ વર્ષનો યુવાન પાયલોટ કે જેણે ઓટોમેટીક સંચાલન સીસ્ટમ ઓટો પાઈલટને ગેરમાર્ગે દોરી ફક્ત ૮ મિનિટમાં ટૂંકા ગાળામાં ૩૩૦૦૦ ફીટની ઉંચાઈથી માત્ર ૬૦૦ ફૂટની ઉંચાઈએ વિમાનને ડૂબકી લગાવી આલ્પ્સ પર્વતનની ટોચે અફળાવી ૧૪૯ નિર્દોષ વ્યક્તિઓની હત્યા (નિર્ધૃણ) કરી જે ઈશ્વર કદિય તેને માફ નહી કરે. એક કડવું સત્ય એ બહાર આવી રહ્યું છે કે આ કો.પાઈલટ છેલ્લાં કેટલાંય વખતથી માનસીક બિમારીથી પીડાતો હતો. જે તેણે એરલાઈન્સનાં સતાવાળાઓ સમક્ષ બખૂબી છુપાવી રાખ્યું હતું કે જેનાં પરિણામે તેનાં જીવનની કોઈક નબળી ક્ષણે ૧૪૯ નિર્દોષ વ્યક્તિઓ કે જેમાં અંદાજે ૧૫-૧૬ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ તથા તેમનાં ૩-૪ શિક્ષકો પણ શામેલ થઈ ગયા. જોકે આ સઘળા ૧૫૦ લોકોની સામુહિક મૃત્યુ શૈય્યા આલ્પસ પર્વત માળામાં લખાઈ હશે જે અંતે એક વ્યક્તિની નાદાનીનાં હિસાબે પણ શક્ય બન્યું ખરું.

આથી જ માનવીનાં મન, મગજ, વિચારોનો તાગ પામવો લગભગ અશક્ય જ છે. અંતમાં ઈશ્વર સમક્ષ એક જ પ્રાર્થના કે..

**'ઈશ્વર અલ્લાહ તેરો નામ,**
**સબ કો સન્મતી દે ભગવાન'**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# રસોત્સવ (સમારોહ)ના મુખ્ય મહેમાન

## શ્રી પ્રવિણચંદ્ર પુનમચંદ કડકીઆ (વલ્લભઘેલા)



શ્રી પ્રવિણચંદ્ર કડકીઆનો જન્મ બાલાસિનોર મુકામે તા. ૨૭-૫-૧૯૩૧ના રોજ થયો. પિતાશ્રી પુનમચંદ કડકીઆ સોના-ચાંદીની ધિરધારનો ધંધો કરતાં એટલે ઉછેર સમૃધ્ધ વાતાવરણમાં થયો. તેમના જીવનમાં એકમાત્ર બહેન રમતીબેન અને બનેવી શ્રી ઓચ્છવકાકા લાલખાંનો નિર્ણાયક પ્રભાવ રહ્યો. દસમાં ધોરણ સુધી વાડાસિનોરમાં અભ્યાસ નામ જ પ્રવિણ એટલે ભણવામાં પણ નામ સાર્થક કરતાં, વર્ગમાં પહેલા પાંચ વિદ્યાર્થીમાં ગણના થતી. ૧૯૪૭માં બનેવી તેમને મુંબઈ લાવ્યા. મુંબઈની ગોકુલદાસ તેજપાલ હાઈસ્કુલ (જી.ટી.)માં મેટ્રીકનાં અભ્યાસક્રમમાં જોડાયા. સ્વતંત્ર મિજાજ અંગ્રેજોની ભાષાની ગુલામી ના ગમી અને મેટ્રિકની પરીક્ષામાં જ્યાં અન્ય વિષયોમાં ડીસ્ટીંક્ષન મેળવ્યું, ત્યારે અંગ્રેજી વિષયે હાથતાળી આપી. ૧૯૪૭માં બાલાસિનોર નવયુવક સંઘનાં પ્રેરણામૂર્તિ એવા કાંતિભાઈ પરીખે વસ્તીપત્રક પ્રકાશન માટે પાંચ જણની કમિટી બનાવી, જેમાં પી.પી.કાકા પણ હતા. મુંબઈમાં સંઘર્ષરત વાડસોલ સમાજ મુખ્યત્વે દક્ષિણ મુંબઈમાં સ્થાયી હતો. ઘરે ઘરે ફરી તેઓ માહિતી એકઠી કરતાં. આજના જેવી સગવડો ત્યારે ક્યાં હતી ?

તેમના જીવનમાં ૧૯૫૨નું વર્ષ મહત્વનું બની રહ્યું. લગ્ન થયાં, પ્રવિણ ઈલેકટ્રીકનાં નામે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. પ્રથમ સંતાન રેખાબહેનનો જન્મ થયો. ૧૯૫૪માં વાડાસિનોર પ્રગતિ સમાજના શ્રી ગણેશ થયા. શ્રી પી.પી.કાકાની વિચક્ષણ અને કુશાગ્ર વિચાર શક્તિ, તેમના પુર્વાનુમાનના તીર, દીર્ઘદ્રષ્ટી એમને આયોજન સમિતિનાં સભ્યપદ તરફ દોરી ગઈ. ત્યાં પ્રવિણભાઈના ફળદ્રુપ દિમાગમાંથી અનેક સુચનોની સરવાણી વહેવા લાગી પ્રવિણકાકાની મુખ્ય ઓળખ એટલે શક્યતાની પણ પેલે પાર ઉતરી, દરેક પાસાની સંપૂર્ણ માહિતી ઉંડાણપૂર્વક મેળવવી ભ્રામક આંકડાઓને નક્કરતા આપવી અને સમાજનું હિતના સચવાતુ હોય ત્યાં પ્રશ્નો ઉઠાવી એમાં નિરાકરણ માટે ઝુઝવું મોનોપોલી માનસ ધરાવતા પી.પી.કાકા ૧૯૫૭માં અંધેરી મુકામે ફેક્ટરી શરી કરી આજે પણ હયાત છે.

૧૯૮૫ના પ્રગતી સમાજની જનરલ બોડીમાં તેમને ચેલેજમળી તે ચેલેજ સ્વીકારી ૧૯૮૬માં કારોબારીમાં પ્રવેશ પામ્યા. પ્રગતિ સમાજની કારોબારીમાં આવ્યા પછી તપાસ કરતા ખબર પડી કે યુનીયન બેંક મોટા રકમની ફીક્સ ડીપોઝટ પર વ્યાજ નોતું આપતું તે પકડી પાડી અને તે વ્યાજ અપાવ્યું. આથી ૧૯૮૬ની કો.ઓ.ક્રેડીટ સોસાયટીમાં નોમીનેટ થયા.

ચૂંટાયેલા સભ્ય કરીકે ક્રેડીટ સોસાયટીમાં કાર્યરત રહ્યા. ત્યાં સુધી સંસ્થાના ૧૦૦જ મેમ્બર્સ હતા. મેમ્બરશિપ મોહિમ ચલાવી ૬૦૦ નવી મેમ્બરશીપ ઉભી કરી. એમની કાયદાકીય અને આર્થિક બાબતો સમજણ કોઈ સી.એ. કે વકીલને પણ નવું શીખવી શકે એવી વિચક્ષણ ધિરાણ સમિતિમાં સભ્ય અને સંયોજક અને સેક્રેટરી તરીકે ૨૦૧૦ સુધી સંકળાયેલા રહ્યા. વાડાસિનોર પ્રગતિ સમાજમાં પણ ઉપપ્રમુખ અને પ્રમુખ પદ શોભાવ્યું. સંસ્થા સાથે સંકળાયેલા હોય કે ન હોય પી.પી.કાકા દરેક સંસ્થાને ઉપગ્રહ તરીકે સેવાઓ આપતાં તે જ કારણથી જ્યારે દાતા બનવાની સ્થિતીમાં આવ્યા ત્યારે સમાજની લગભગ દરેક સંસ્થામાં માતબર રકમનું દાન પણ કર્યું. એમના સંતાનો અમેરિકા સ્થાયી છે. અને સધ્ધર પણ છે. પણ દાન તો તેમણે આપ કમાઈનું જ કર્યું છે. ૨૦૦૮માં આર્થિક રાહત માટે ૧૨.૫ લાખ પ્રગતિ સમાજ, બાલાસિનોર નવયુવક સંઘને શિક્ષણ સહાય માટે ૭.૫ લાખ, કે એમ.જી.હોસ્પિટલ કેન્સર નિદાન માટે ૫ વર્ષ સુધી દર વર્ષે ૧-૧ લાખ, બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ. પરદેશમાં અભ્યાસ ઈચ્છુકો માટે ૧૫ લાખ વગેરે વગેરે. વિદ્યોતેજક મંડળમાં પણ ૪૦૦ નવી મેમ્બરશીપ ઉભી કરી. શેર હોલ્ડરોને પછી એ પ્રગતિ સમાજનાં હોય કે ગ્રાહક સહકારી સંસ્થાના, ચાંદીના સિક્કાઓ અને અન્ય ગૃહઉપયોગી વસ્તુઓ ગિફટમાં આપવાની શરૂઆત કરી બાલાસિનોર નવયુવક સંઘ માટે ૧ કરોડ રૂપિયાનું ભંડોળ ઉઘરાવામાં અગ્રણીય ભાગ ભજવ્યો, અને દશાનિમા નવયુવક મંડળની ઉજવણીમાં સવા કરોડ ભેગા કર્યા. ૯ સંતાનો છે જેમાં બે દિકરીઓ સિવાય બધાજ પરદેશ સ્થિત છે. જબરી કોઠાસુઝનાં માલિક એવા પી.પી.કાકા જ્યોતિષ અને આયુર્વેદનાં પણ અભ્યાસી છે. એમના જ્યોતિષના માર્ગદર્શન હેઠળ ઘણા લોકો સધ્ધર થયા છે.

**આવા ઉદાર દિલના કાર્યકર્તા અને દાતા અમને આજના મુખ્ય મહેમાન તરીકે મળ્યા એ બદલ અમે એમના બહુ આભારી છે.**

# આંગણે થી શ્રીલક્ષ્મી ને આવકારતી રંગોળી











# આતિથ્ય

## વેજીટેબલ લોલીપોપ

### સામગ્રી

**શાકભાજી** : ૨ કપ મીક્સ કરેલા જીણાં સમારેલા બાફેલા શાક લીલા વટાણા, બટાટા, ફણસી અને ગાજર.

**મસાલો** : આદુ, લીલા મરચા, મીઠું, હળદર, ખાંડ અને લીંબુ.

**બ્રેડ** : સુપ સ્ટીક અને બ્રેડનો ભૂકો

**લોટ** : આરા લોટ અને રવો

**તેલ** : તળવા માટે તેલ (તમે જે વાપરતા હોય તે)

**: બનાવવાની રીત :**

૨ કપ બાફેલા શાકભાજીમાં ઉપર જણાવેલો મસાલો સ્વાદાનુસાર અને બ્રેડનો ભૂકો મીક્સ કરીને ગોળા વાળવા. સુપની સ્ટીકને અડધી કરીને બનેલા ગોળાને તેના ઉપર ચીટકાવાનાં પછી સુપ સ્ટીક પકડીને લોલીપોપને આરા લોટ અને રવો મીક્સ કરેલા લોટમાં રગદોળવાના. એક પેનમાં તેલ ગરમ કરીને લોલી પોપને તળી લેવાના આછા ગુલાબી રંગના થાય ત્યાં સુધી. પછી તેને સોસ અને ગ્રીન ચટણી સાથે સર્વ કરવા.

**-સુષ્મા નીલેશ દેસાઈ (તેલવાળા)**

**સુધારો : જ્યોતિપુંજના ઓગસ્ટ ૨૦૧૫નો સુધારો નીચે મુજબ છે**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મેનેજીંગ કમિટી ૨૦૧૫-૨૦૧૬માં નીચે પ્રમાણે સુધારીને વાંચવું. (૧) શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સભ્ય, (૨) શ્રી બંકીમ રજનીકાંત પરીખ - તંત્રી , ઘરનો ફોન નંબરઃ ૨૮૦૭૮૭૦૩, ઓફિસનો ફોન નંબરઃ ૨૨૦૫૯૬૦૧


શ્રી યોગેશ રમણલાલ પરીખ (જુનાગઢવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## ખેલ રમશું રે ! પૂનમીયે મેળે નિશાળ ના ચૉક માં વાલમ

### ઝૂલણ મોરલી વાગી રે - સંકલન

ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર,
હાલોને જોવા જાયે રે
મોરલી વાગી રે રાજાના કુંવર..
ચડવા તે ઘોડો હંસલો રે રાજાના કુંવર,
પીતળિયા પલાણ રે...
મોરલી વાગી રે....
બાંયે બાજુબંધ બેરખા રે રાજાના કુંવર,
દસે આંગળિયે વેઢ રે...
મોરલી વાગી રે ...
માથે મેવાડા મોળિયાં રે રાજાના કુંવર
કિનખાબી સૂરવાળ રે ...
મોરલી વાગી રે...
પગે રાઠોડી મોજડી રે રાજાના કુંવર,
ચાલે ચટકતી ચાલ રે..
મોરલી વાગી રે....

### આશા ભર્યા તે અમે આવિયાં

આશાભર્યા તે અમે આવિયા,
મારે વ્હાલે રમાડ્યા રાસેરે ! આવેલ આશાભર્યા રે !
શરદ પૂનમની રાતડી રે કંઈ,
ચાંદો ચડયો આકાશ રે ! આવેલ આશાભર્યા રે !
ઉતારા દેશું ઓરડે રે,
એને દેશું મેડી કેરા મ્હોલ રે ! આવેલ આશાભર્યા રે !
દાતણ દેશું દાડમી રે,
એને દેશું કણેરાની કાંબ રે ! આવેલ આશાભર્યા રે !
ન્હાવણ દેશું કુંડિયુ રે,
એને દેશું નદિયું કેરા નીર રે ! આવેલ આશાભર્યા રે !
ભોજન દેશું લાપશી રે,
એને દેશું કઢિયેલ દૂધ રે ! આવેલ આશાભર્યા રે !
મુખવાસ દેશું એલચી રે,
એને દેશું પાન પચાસરે ! આવેલ આશાભર્યા રે !
પોઢણ દેશું ઢોલિયા રે,
એને દેશું હીંડોળાખાટ રે ! આવેલ આશાભર્યા રે !


Chandresh Enterprise Corp. (Crompton - Schneider - Wipro)

## ચૉકલેટ્સ

## શ્રી બા ન સં અક્ષરો પરથી વિગત ઉકેલો




૧) પ્રભુ
૨) છોકરી
૩) ના
૪) ટૂંકું
૫) પૂર્ણ
૬) વાર્તાલાપ
૭) ખોટું
૮) .......... ખોરાક જ ફાવશે.
૯) આના વૃક્ષ દરિયા કિનારે વિશેષ હોય છે.
૧૦) .......... વરસાદ થી સૌ ધન્ય થયા.

જવાબ : ૧) શ્રીનાથ ૨) બાલિકા ૩) નકાર ૪) સંક્ષિપ્ત ૫) સંપન્ન ૬) સંવાદ ૭) નકલી ૮) બાફેલો ૯) શ્રીફળ ૧૦) શ્રીકાર

---

## - હીંડોળા ખાટ -

### 'ગરબાની પંક્તિ જોડો'

| | |
|---|---|
| ૧) વા વાયા ને વાદળ ઉમટયા,<br>ગોકુળમાં ટહૂક્યા મોર | ૧) કાના જડી હોય તો આલ,<br>કાના જડી હોય તો આલ |
| ૨) અમે મૈયારા રે<br>ગોકુળ ગામના | ૨) અચકો મચકો કારેલી |
| ૩) તમે કેટલા ભાઈ<br>કુંવારા રાજ | ૩) મુખે થી મોરલી<br>વગાડતાં રે લોલ. |
| ૪) તમે એકવાર મારવાડ<br>જાજો રે હો મારવાડા | ૪) રમવા આવો<br>સુંદરવર શામળિયા. |
| ૫) નાગર નંદજીના લાલ,<br>રાસ રમંતા મારી<br>નથણી ખોવાણી | ૫) તમે મારવાડી ની<br>મહેંદી લાવજો રે<br>ઓ મારવાડા |
| ૬) મારી શેરીએથી કાન<br>કુંવર આવતા રે લોલ. | ૬) મારે માંહી વેચવાના જાવા<br>મૈયારા રે ગોકુળ ગામના. |

જવાબ - ૧-૪, ૨-૬, ૩-૨, ૪-૫, ૫-૧, ૬-૩.

## ના કહેવાય ના સહેવાય

**નિરોગી જીવન માટે:**

૧) રાત્રે સૂતી વખતે ડાબા હાથની હથેળી થી જમણા પગના તળિયે અને જમણા હાથની હથેળીથી ડાબા પગના તળિયે ગાયનું ઘી અથવા સરસવનું તેલ લગાડી મસાજ કરી સૂઈ જવું.

૨) નાભિની અંદર અને પગના અંગૂઠાના નખમાં સ્નાન કરતાં પહેલાં સરસવનું તેલ લગાડી મસાજ કરવો.

**નોંધ: ઉપર્યુક્ત પ્રયોગ આયુર્વેદિક વૈદ્ય, ડૉક્ટરની સલાહ મુજબ કરવો.**

**સર્વ સંસ્થા તથા બાલાસિનોરવાસીઓ**

નવેમ્બર ૨૦૧૫નું જ્યોતિપુંજ દિવાળી પર્વ નિમિત્તે વેળાસર તૈયાર કરવાનું હોવાથી સર્વ સંસ્થા તથા બાલાસિનોરવાસીઓને નમ્ર વિનંતી કે આગામી અંક માટેની તમારી વિગતો તા. ૨૫-૧૦-૨૦૧૫ પહેલા પહોંચતી કરી દેવી.

**મંત્રી** — **ભાવેશ મોદી**
**તંત્રી** — **બંકિમ પરીખ**

## બાલાસિનોરનું ગૌરવ

# ફોર્ચ્યુન પાવરફુલ વુમનની યાદીમાં ભારતીય મુળની પાયલ કડકિયા

ન્યુયોર્ક, તા. ૧૧ ફોર્ચ્યુન મેગેઝિને વર્ષ ૨૦૧૫ની સૌથી વધુ આશાસ્પદ ૧૦ મહિલાઓની યાદીમાં ભારતીય મુળની પાયલ કડકિયાનો સમાવેશ કર્યો હતો. જેઓ ગેમચેન્જર, ઈનોવેટર અને નવો માર્ગ શોધનાર મનાય છે. માત્ર બે વર્ષ જુની સ્ટાર્ટઅપ કંપની કલાસપાસના સહ-સ્થાપક અને સાંઈઓ એવા પાયલ કડકિયા પાસે હાલમાં તેમના વિસ્તારમાં ફિટનેસના હજારો બુટિક ફિટનેસ ગ્રાહકો છે.

કલાસ પાસ માત્ર બે વર્ષ જુની છે પરંતુ એણે માત્ર બે જ વર્ષમાં સમગ્ર અમેરિકામાં એના જીમમાં અને સ્ટુડિયોમાં ૭૦ લાખ કરતાં પણ વધુ ગ્રાહકો છે. અમેરિકા ઉપરાંત કેનેડા અને યુકેમાં પણ એના ગ્રાહકો છે. એમ ફોર્ચ્યુને એક નિવેદનમાં કહ્યું હતું. કડકિયાએ કહ્યું હતું કે જ્યારે તેઓ ન્યુયોર્ક શહેરમાં એક બેલે ક્લાસ શોધવામાં નિષ્ફળ ગયા હતા ત્યાર પછી તેમણે આની શરૂઆત કરી હતી. એ ક્ષણે મને લાગ્યું કે દરેક જણાને તેમના શોખ અને ફિટનેસ માટે કનેકટેડ રહેવામાં ખુબ મુશ્કેલી પડે છે. એમ તેમને કહેતા મેગેઝિનમાં ટાંકવામાં આવ્યા હતા. મેગેઝિને કહયું હતું કે કડકિયાના વિચારે વેપારના સ્વરૂપ ધારણ કરી લીધો હતો. દરેક વર્ષ ફોચ્યુન દસ મહિલાઓને શક્તિશાળી મહિલા તરીકે પસંદ કરે છે. જેમની પાસે નવા વિચારો હોય, વેપાર હોય કે પછી તેઓ સાહસિક હોય. તેમને મોસ્ટ પાવરફુલ વુમન એન્ટરપ્રિનિયોર તરીકે જાહેરકરવામાં આવે છે.

**પાયલની માત્ર બે જ વર્ષ જુની કંપની કલાસપાસ પાસે ૭૦ લાખથી વધુ બૂટિક ફિટનેસ ગ્રાહક**

# સંવત ૨૦૭૧ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવાના / લઈ જવાનાં તથા લક્ષ્મી પૂજનનાં શુભ મુહૂર્તો

– ગોર શ્રી ગોપાલ ભટ્ટ

**દશેરા: સંવત ૨૦૭૧ આસો સુદ ૯/૧૦ શુક્રવાર વિજયા દશમી દશેરા તા. ૨૨-૧૦-૨૦૧૫**

**ગુળિક સમય** : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

**ચોઘડીયા** : શુભ : ૬.૩૯ to ૮.૦૫ a.m., ચલઃ ચરઃ ૧૦:૫૭ થી ૧૨:૩૫, અમૃતઃ ૧૩:૫૯ થી ૧૫.૧૫, શુભઃ ૧૬:૪૧ થી ૧૮:૦૬, લાભઃ ૧૨:૨૩ થી ૧૩:૪૯

**પુષ્ય નક્ષત્ર : સંવત ૨૦૭૧ આસો વદ ૮ મંગળવાર તા. ૦૩-૧૧-૨૦૧૫ ગુરુપુષ્ય અમૃતયોગ**

**ગુળિક સમય** : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૩ થી ૧૨.૩૭

**ચોઘડિયા** : ચલઃ ૧૦.૫૭ થી ૧૨.૨૪, લાભઃ ૧૨.૨૪ થી ૧૩.૫૦, અમૃતઃ ૧૩.૫૦ થી ૧૫.૧૭, શુભઃ ૧૬.૪૪ થી ૧૮.૫૧, ગુળિક કાળઃ ૦૯.૦૦ થી ૧૦.૩૦, વિજય મુહુર્તઃ ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ધનતેરસ : સંવત ૨૦૭૧ આસો વદ ૧૩ સોમવાર તા. ૦૯-૧૧-૨૦૧૫**

શ્રીયંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું.

**ગુળિક સમય** : બપોરે ૧૩.૩૦ થી ૧૫.૦૦

**વિજય મુહૂર્ત** : બપોરે ૧૨.૧૦ થી ૧૨.૩૪

**ગોરજ સમય** : સાંજે ૬.૦૦ p.m.

**ચોઘડિયા** : અમૃતઃ ૬.૪૪ થી ૮.૦૯ a.m., શુભઃ ૯.૩૩ થી ૧૦.૫૮ a.m., ચલઃ ૧૩.૪૮ થી ૧૫.૧૨ p.m., લાભઃ ૧૫.૧૨ થી ૧૬.૩૭ p.m., અમૃતઃ ૧૬.૩૭ થી ૧૮.૦૨ p.m., ચલઃ ૧૮.૦૨ થી ૧૯.૩૭ p.m., લાભઃ ૨૨.૪૮ થી ૦૦.૨૩ a.m., શુભઃ ૦૧.૫૮ થી ૦૩.૩૪ a.m., અમૃતઃ ૦૩.૩૪ થી ૦૫.૦૦ a.m., ચલઃ ૦૫.૦૯ થી ૬.૪૪ a.m.,

પ્રદોષ કાળ : ૧૬.૦૧ થી ૮.૩૩ p.m.

**દિવાળી : સંવત ૨૦૭૧ આસોવદ ૩૦ બુધવાર તા. ૧૧-૧૧-૨૦૧૫**

દિપ-પ્રાગટ્ય ઉત્સવ, મહાલક્ષ્મી પૂજન, કુબેર પૂજન, શારદા પૂજન, ચોપડા પૂજન.

**ગુળિક સમય** : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ગોરજ સમય** : સાંજે ૧૭.૫૫ થી ૧૮.૧૦ p.m. **પ્રદોષ કાળ :** ૧૮.૦૦ થી ૨૦.૧૩ p.m

**ચોઘડિયા** : લાભઃ ૦૬.૪૫ થી ૮.૧૦ a.m., અમૃતઃ ૦૮.૧૦ થી ૯.૩૪ a.m., શુભઃ ૧૦.૫૯ થી ૧૨.૨૩ p.m., ચલઃ ૧૫.૧૨ થી ૧૬.૩૭ p.m., લાભઃ ૧૬.૩૭ થી ૧૮.૦૧ p.m.

**રાતના** : શુભઃ ૧૯.૩૭ થી ૨૧.૧૨p.m., અમૃતઃ ૨૧.૧૨ થી ૨૨.૪૮ p.m., ચલઃ ૨૨.૪૮ થી ૦૦.૨૩ p.m., લાભઃ ૦૩.૩૪ થી ૦૫.૧૦ a.m.

**વૃષભ લગ્ન કુંભ નવમાંશ:** ૧૮.૨૯ થી ૧૮.૪૨, વૃષભ લગ્ન - વૃષભ નવમાંશ: ૧૯.૦૮ થી ૧૯.૨૧

**વૃષભ લગ્ન – સિંહ નવમાંશ:** ૧૯.૪૯ થી ૨૦.૦૩

**બેસતું નવું વર્ષ : સંવત ૨૦૭૨ કારતક સુદ ૧ ગુરુવાર તા. ૧૨-૧૧-૨૦૧૫**

સ્નેહ મિલન, ચોપડા માં મિતિ નાખવી, વડીલો, ગુરુના આશિર્વદ લેવા.

**ગુળિક સમય** : સવારે ૦૯.૦૦ થી ૧૦.૩૦ a.m.

**વિજય મુહૂર્ત** : બપોરે ૧૨.૧૧ - ૧૨.૩૫ p.m.

**ગોરજ સમય** : ૬.૦૦ - ૬.૧૫ p.m.

**ચોઘડિયા** : **શુભઃ** ૦૬.૪૬ થી ૮.૧૦, **ચલઃ** ૧૦.૪૯ થી ૧૨.૨૩, **લાભઃ** ૧૨.૨૩ થી ૧૩.૪૮, **અમૃતઃ** ૧૩.૪૮ થી ૧૫.૫૨, **શુભઃ** ૧૬.૩૬ થી ૧૮.૦૧

**લાભ પાંચમ : સંવત ૨૦૭૨ કારતક સુદ – ૫ સોમવાર તા. ૧૬-૧૧-૨૦૧૫**

તુલા પૂજન, કાંટા પૂજન, ચોપડા પૂજન, મિતિનાખવી, ગુરુ, વડીલોના આશિર્વાદ લેવા.

**ગુળિક સમય** : બપોરે ૧૩.૩૦ થી ૧૫.૦૦P.M. **વિજય મુહૂર્ત** : બપોરે ૧૨.૧૨ થી ૧૨.૩૬P.M.

**ચોઘડિયા** : **અમૃતઃ** ૬.૪૮ - ૮.૧૨, **શુભઃ** ૯.૩૬ - ૧૧.૦૦૦, **ચલઃ** ૧૩.૪૮ થી ૧૫.૧૨, **લાભઃ** ૧૫.૧૨ થી ૧૬.૩૬, **અમૃતઃ** ૧૬.૩૬ થી ૧૮.૦૦, **ચલઃ** ૧૮.૦૦ થી ૧૯.૩૬

**ગોરજ સમય** : સાંજે ૬.૦૫ કલાકે, રાત્રે : ૬.૧૫ P.M.

## 'પોતાના (સ્વયં)માં શ્રધ્ધા રાખો'
## પોતે (જાતે જ ) સામર્થ્યવાન બનો. (સામર્થ્ય કેળવો.)

પરમકૃપાળુ પરમાત્માના આપણે સૌ બાળક છીએ, સંતાન છીએ.

આપણે સર્વ (બધા), સર્વ પ્રકારના સુખ, પ્રાપ્ત કરવા માટેના અધિકારી છીએ, પરમાત્મા જેવો જ, પરમાત્મા જેટલો જ આપણો આત્મા પવિત્ર, શુધ્ધ, પૂર્ણ છે.

જાગ્રત થાઓ, ઊભા થાઓ, જુઓ આપણો આત્મા અમર છે. દિવ્ય છે. પ્રેમ અને કરુણાથી સભર છે. મુક્ત છે. ધન્ય છે. આપણા આત્મા તરફ દૃષ્ટિ કરો, જુઓ, એની સાથે આપણા તાર જોડો.

મનુષ્ય પાપી નથી. મનુષ્ય જડ પદાર્થ નથી. સર્વ જડ પદાર્થ આપણા દાસ છે. આપણે એના દાસ નથી. પહેલાના સમયમાં કહેવાતું કે જેને પ્રભુમાં, ઈશ્વરમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે. હવેના સમયમાં એવું કહેવું પડે જેને પોતાની જાતમાં વિશ્વાસ નથી તે નાસ્તિક છે.

શ્રધ્ધા, પોતાની જાતમાં, પરમકૃપાળુ પરમાત્મામાં શ્રધ્ધા તેત્રીસ કરોડ દેવી દેવતામાં, શ્રધ્ધા. આજ તો છે મહાનતા. બીજા એ ત્રીજાએ વિદેશીએ બતાવેલા ઈશ્વરમાં શ્રધ્ધા રાખો અને પોતાની જાતમાં શ્રદ્ધા ન રાખો તો ? સર્વ અશક્ય બની જાય, નિરર્થક બની જાય.

પોતાનામાં શ્રદ્ધા કેળવો. આત્મશ્રધ્ધા વધારો, મુક્ત બનો, શ્રધ્ધાવાન બનો, શ્રધ્ધાનો પાયો મજબૂત કરો. આના આધારે જ બળ મળશે શક્તિ મળશે. બળવાન બનો, શક્તિવાન બનો, સામર્થ્યવાન બનો.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત
# શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી
# ''જનસાથી'' ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ-૨૦૧૫-૧૬

સહર્ષ જણાવતા આનંદ થાય છે. સંઘ દ્વારા આયોજીત 'જનસાથી ટ્રોફી' વર્ષ ૨૦૧૫-૨૦૧૬નું ઓક્ટોબર મહિનાથી શુભારંભ થાય છે. આ ટ્રોફીમાં ૪ ટીમનો સમાવેશ થાય છે અને તેમાં ટોટલ ૬૦ ખેલાડીઓ ભાગ લેવાના છે.

ઉપરોક્ત ટ્રોફીમાં દાતાશ્રીની પરવાનગી લઈને કાંઈક નવું એટલે કે કલરીંગ કપડા અને સફેદ બોલ થી રમવામાં આવશે. અમોને આશા છે કે બધા જ ખેલાડીઓ અને સ્પોન્સર્સ ઉપરોક્ત ટ્રોફીમાં ખેલદીલી પૂર્વક રમત રમીને સંપૂર્ણ આનંદ લેશે.

અમોને જણાવતા આનંદ થાય છે. ચાર ટીમ અને સ્પોન્ર્સસ ના નામ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી રતિલાલ ચંદુલાલ મહેતા | - | આર.સી.ચેલેન્જર્સ |
| ૨) | શ્રી ભાવીક રાજેશ ધારીઆ | - | પલાશ ઈલેવન. |
| ૩) | શ્રી યોગેશ ધારીઆ, શ્રી વિનીત મોદી, શ્રી બીપન ગાંધી | - | ક્રિકેટ લવર્સ |
| ૪) | ડી.સી.સી. | - | ડી.સી.સી. ટકસર્સ |

**અમો ઉપરોક્ત બધા જ સ્પોન્સર્સનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

બધા જ ખેલાડીઓએ પોતાની ટીમ અને સ્પોન્સર્સ પ્રમાણે કલરીંગ ટીશર્ટ પહેરીને આવવાનું રહેશે.

દર વર્ષની માફક આવર્ષે પણ બેસ્ટ, બેટ્સમેન, બેસ્ટ બોલર, મેન ઓફ ટુર્નામેન્ટ આપવામાં આવશે.

વીનીંગ ટીમને રૂા. ૧૦,૦૦૦/-નું ઈનામ શ્રી સમીર રમેશચંદ્ર ધારીઆ (મેનપૂરવાળા) તરફથી આપવામાં આવશે.

**સંઘ શ્રી સમીરનો હૃદયપૂર્વક આભાર માને છે.**

**જનસાથી ક્રીકેટ ટુનામેન્ટ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની ચાર ટીમ અને દરેક ટીમના ખેલાડીઓના નામ નીચે મુજબ છે.**

**Team Name: R.C.Challengers**
**Group No : A**
**Colour : Red**
**Players List**

1) Apurva Dharia
2) Sahil Desai
3) Rikit Mody
4) Tejas Shah
5) Ashwin Karkeria
6) Ronak Dharia
7) Kunal Hiten Parikh
8) Chetan J. Kadakia
9) Sohil Nikhil Desai
10) Pankaj Kadakia
11) Arpit Ashit Gandhi
12) Kanishq Parikh (Bhavin)
13) Mitesh N. Dharia
14) Krish Chandiwala
15) Jimish Kadakia

**Team Name : Cricket Lovers**
**Group No : B**
**Colour : L.Blue**
**Players List**

1) Ripal Parikh
2) Daxit Gandhi
3) Rohan Dharia
4) Chirag Parikh
5) Rohan Desai
6) Jimish Nikhil Desai
7) Ruchit Doshi
8) Rupesh D. Modi
9) Vivek Gupta

10) Purav Parikh
11) Jay Doshi
12) Aman Dharia
13) Satish Lakdawala
14) Jigar Kadakia
15) Mitesh Parikh

**Team Name: D.C.C. Tuskers**
**Group No : C**
**Colour : Orange**
**Players List:**

1) Shiten Kadakia
2) Nirav Desai
3) Samir R. Desai
4) Anand Shroff
5) Miten Parikh (w.k.)
6) Sachin Mehta
7) Vishal Jariwala
8) Mitul Parikh
9) Rikkin Desai
10) Sanjeev Dharia
11) Suketu Parikh
12) Aayush Parikh
13) Viraj Parikh
14) Chirag Modi
15) Chirag Desai (25)

**Team Name: Palaash XI**
**Group No : D**
**Colour : D.Blue**
**Players List**

1) Dharav Parikh
2) Jigar Parikh
3) Kinjal P. Parikh
4) Nirav Jhaveri
5) Devang Parikh
6) Bhavik Dharia
7) Pritesh Thakkar
8) Ritesh B Kadakia
9) Nihar Kadakia
10) Utsav Mody
11) Arpit Dharia
12) Chintak P. Parikh
13) Mihir Desai
14) Nilpesh Modi
15) Nihar Desai

**ફાઈનલ મેચ અંદાજે ૨૨મી નવેમ્બર રવિવારના રોજ રમાડવામાં આવશે.**

**ઉપરોક્ત ટુર્નામેન્ટ માટેની નિયામાવલી દરેક ટીમને આપી દેવામાં આવી છે. અને તે મુજબ ટુર્નામેન્ટ રમાશે.**

**મંત્રી : શ્રી ભાવેશ મોદી – ૯૮૬૯૦૮૦૨૮૭,**
**સંયોજક : શ્રી ચિરાગ પરીખ – ૯૮૨૧૫૭૪૮૫૬**

**જ્યોતિપુંજ માટે આપવાની વિગતો નીચેના સરનામાં પર મોકલવી.**

**૧) સંસ્થાની ઓફીસ :** ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪, ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**૨) લોહાર ચાલ ખાતે :**

૧) **બંકિમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા):** ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨., ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

૨) **જતીન નવનીતલાલ દેસાઈ:** સુજાતી ઈલેક્ટ્રીકલ એન્ટરપ્રાઈઝ, ૪૨, બાબુગેનુ રોડ, ઑફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

**૩) નાગદેવી ખાતેઃ** સૌમીલ મોદી : શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, ફોન નંબરઃ ૨૩૪૨૦૦૫૦૨.

દર મહિનાની ૩૦ તારીખ પહેલાં વિગતો મોકલી આપવા વિનંતી. પછીથી આવેલી વિગતો બીજા અંકમાં છાપીશું. તમારી વિગતો સંક્ષિપ્તમાં લખી મોકલવી તેમાં ફેરફાર કરવાની સત્તા તંત્રી મંડળને રહેશે.

**- મંત્રી : ભાવેશભાઈ મોદી - તંત્રી બંકિમ પરીખ**

## બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળ લી.

**૨, ગણેશકૃપા સોસાયટી, સિક્કાનગર,**
**વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪,**
**ટે.ન.: ૨૩૮૮૭૭૮૯, ૨૩૮૮૬૧૧૮**

દર વર્ષની માફક આ વખતે પણ તા. ૨૦-૧૦-૨૦૧૫ થી સમય : ૯.૦૦ થી ૧.૦૦ અને ૩.૦૦ થી ૭.૦૦ સુકો મેવો તેમજ મિઠાઈનાં ઓર્ડર લેવામાં આવશે. તો સૌ વેષ્ણવોને વિનંતિ કે વેળાસર ઓર્ડર નોંધાવી લેશો.

**જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**

**સૌને જેજે શ્રી ગોકુલેશ**

**મેનેજમેન્ટ તરફથી.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત પાચમાં વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

મુંબઈ વસતા કુટુંબોને તા. ૨-૧૧-૧૫ થી ૭-૧૧-૧૫ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન સહાય આપવામાં આવશે.

બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય મળશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાંત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**
**સંયોજક : શ્રી દિપક નવનીતલાલ શાહ**

## દિવાળી બક્ષિસ (રજત જયંતી)

પ્રતિ વર્ષ દિવાળી નિમિત્તે એક અનામી દાતા તરફથી આર્થિક અથવા અન્ન સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦/- આપવામાં આવે છે. આ વર્ષે પણ આ બક્ષિસ તા. ૨-૧૧-૧૫ થી ૭-૧૧-૧૫ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

મુંબઈ બહાર રહેતા કુટુંબીઓને મનીઓર્ડરથી અને બાલાસિનોર રહેતા કુટુંબીઓને શ્રી મણીકાંત કડકીઆ મારફતે આપવામાં આવશે.

**- રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)**

## શ્રી સુરેન્દ્ર રતિલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેસભાઈ / શ્રી મિનિષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ)

# આંતરીક રમત ગમત - ૨૦૧૫-૧૬

## ઉપનગર વિભાગ ( વાંદરા થી વિરાર)

આ વર્ષે ઉપનગર વિભાગમાં તા. ૨૪-૧-૧૬ના દિવસે સવારે ૯.૦૦ કલાકે આંતરિક રમત ગમતનું આયોજન શ્રી શ્રેયાંશભાઆઈ અને શ્રી અપૂર્વભાઈના નિવાસ સ્થાને રાખવામાં આવ્યું છે. જેઓને નીચે જણાવેલ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેઓ શ્રી અજીત નટવરલાલ મોદી - ૯૮૬૯૦૨૯૪૮૬ અથવા પરાના કમિટિ મેમ્બરને નામ અને ફોન નંબર લખાવવા વિનંતી. એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે,

**સ્પર્ધાના નામો**

**૧) કેરમ સીંગલ્સ અને ડબલ્સ** **૨) કેરમ સીંગલ્સ**

**૩) કેરમ સુપર હિટ મુકાબલા** **૪) ચેસ.**

બહેનોને ખાસ વિનંતી તેઓ સ્પર્ધામાં ભાગ લે. **કન્વીનરને ગેમ રદ કરવી અથવા રુલ્સ બદલવાનો અધિકાર રહેશે**

નિવાસસ્થાન સરનામું : શ્રી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) : બાલાસિનોર કો.ઓ.હા.સો., બંગલો નંબર ૨૭, એસ.વી.રોડ, ફાયર બ્રીગેડની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭, ફોનઃ ૨૮૬૧૪૧૩૩, ૯૮૨૧૦૯૮૯૦૧

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજકઃ અજીત મોદી - ૯૮૬૯૦૨૯૪૮૬**



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) તથા શ્રી દક્ષેશભાઈ તથા શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમતનું શુભારંભ તા. ૧૩-૯-૧૫**



સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**Sr. No.:________**

**SHREE BALASINOR NAVYUVAK SANGH**

Shri Ramanlal Chandulal Mody (chodhari)
Sponsored
11th Edition Of Telephone Directory Form

Full Name:- ____________________________________________

First name Middle name Surname khij

Telephone No. :- Residence No.: _________ Mobile No.: _________ Vasti Patrak Sr.No.:_________

_______________
Signature of member

**PRICE PER TELEPHONE DIRECTORY WILL BE Rs 50/-**

kindly fill the above form duly sign and collect the directory at Birla Matrushee Sabhagraha, Marine lines, Mumbai - 20 on 29/11/2015 after the function.

**Secretary: BHAVESH BIPIN MODY THASRAWALA**

**Convener / Jt. Secretary: JASMINE BIPIN SHETH ATTARWALA**

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તથા
# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ

## ઉપસમિતિઓના સંયોજકોની યાદી વર્ષ – ૨૦૧૫-૨૦૧૬

| | |
|---|---|
| ડૉ. કિરિટ કાંતિલાલ મોદી | સુપીનટેન્ડંટ ઓફ મેડીકલ સેન્ટર |
| ડૉ. રાજીવ નવનિતલાલ પરીખ (સરકાર) | એડવાઈઝર ઓફ મેડીકલ સેન્ટર |

**કારોબારી સમિતિ વતી બાકી બધા નામ ગત વર્ષ પ્રમાણે છે.**

### શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તથા શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ

શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તથા શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૯-૧૫ના રોજ રવિવાર સવારે ૧૦ કલાકે એસ.કે.મેમોરીયલ હોલ, મુંબઈ ખાતે



શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

યોજાઈ હતી. સંસ્થાના મંત્રીઓ દ્વારા ગત ૩૫મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન હાથ ધરાયું હતું. વર્ષ ૨૦૧૪-૧૫નો સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજુ થયેલ હતો. સંસ્થાના ખજાનચી દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ના હિસાબો રજુ થતા તેને મંજુરી અપાઈ હતી. આગામી વર્ષ ૨૦૧૫-૧૬ માટે અન્વેષક તરીકે મે.નિકેશ જે. ગાંધીની કું.ની નિમણુંક કરાઈ હતી. પ્રમુખ શ્રી પંકજ ધારિયા દ્વારા સભાને સંબોધતા તેઓએ તેમના મંતવ્યો રજુ કર્યા હતા. અને સમાજના સર્વે સભ્યોને મેડીકલ સેન્ટર દ્વારા અપાતી સેવાઓનો લાભ લેવાની નમ્ર વિનંતી કરાઈ હતી.

**સંસ્થાને માતબર દાન આપનાર સખાવતી દાતાશ્રી ઓનો સન્માન સમારંભ યોજાયો હતો.**

**નીચે જણાવેલ દાતાશ્રીઓનું સન્માન કરાયું હતું.**

**શ્રી જંયતભાઈ અને ઈલાબેન તથા સુપુત્રી ઓ તાન્યા તથા માયા**

**શ્રીમતી હંસાબેન શાહ, શ્રીમતી શર્મિષ્ટાબેન કિર્તીકુમાર દેસાઈ**

**શ્રી કિરણ શાહ, શ્રી સચીન મણિલાલ કડકીઆ**

**શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારિયા**

હાજર રહેલ વડીલો અને મિત્રોએ સંસ્થાના કાર્યો વિશે તેઓના મંતવ્યો તથા સુઝાવો રજુ કર્યા હતા. ગર્વનિંગ કાઉન્સીલ શ્રી ઉશનષ કચેરિયાએ પણ મેડિકલ સેન્ટરને લાગતા વળગતા કાર્યોનો ચિતાર રજુ કર્યો હતો.

**કારોબારી સમિતિ વતી.**

# કે.એમ.જી. જનરલ હૉસ્પિટલ બાલાસિનોર

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૧૯મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૧મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦-૯-૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) સભાગૃહમાં મુંબઈ ખાતે મળેલ. આ સભામાં સૌનું અભિવાદન કરતાં પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખે વાર્ષિક સામાન્ય સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

પ્રારંભમાં સંસ્થાના નીચે મુજબના સદ્ગત સભ્યો તથા માજી હોદેદારોના નિધન બદલ બે મિનિટ મૌન પાળી સદગતના માનમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

૧) શ્રી રમણિકલાલ લલ્લુભાઈ ધારીઆ (માજી પ્રમુખશ્રી)
૨) શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) (ટ્રસ્ટી)
૩) શ્રી નિરંજનભાઈ ઓચ્છવલાલ પરીખ (ટ્રસ્ટી)

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોધનું વાંચન કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કર્યું હતું. તેમજ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના વાર્ષિક અહેવાલને બહાલી આપવા માટેનો ઠરાવ તેમજ હોસ્પિટલ તથા ટ્રસ્ટના અન્વેષિત હિસાબી નિવેદનો મંજુર કરવા બાબતનો ઠરાવ તેમજ વર્ષ ૨૦૧૫-૧૬ માટે માનદ્ અન્વેષકની નિમણૂંક અંગેના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા હતા.

એપ્રીલ ૨૦૧૫ થી ઓગસ્ટ ૨૦૧૫ સુધીની હોસ્પિટલની કરેલ કાર્યવાહીનો ચિતાર સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ શાહે આપેલ.

ટ્રસ્ટના માજી પ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ તરફથી કેન્સર ડીટેકશન સેન્ટર માટે મળેલ દાનનો સદઉપયોગ થાય તે બાબતે યોગ્ય પગલાં લેવા બાબતનો આવેલ પત્ર સભા સમક્ષ કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ વાંચી સંભળાવ્યો હતો અને આ અંગે યોગ્ય પગલા લેવાની ખાતરી આપી હતી.

વધુમાં હોસ્પિટલમાં નવનિર્મિત થનાર સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામ માટેની જગા કે જે હાલ 'દર્દી અતિથિ ગૃહ'ના નામે બિલ્ડીંગ અસ્તિત્વમાં છે જે ઘણું જૂનું હોઈ, જર્જરિત થઈ ગયેલું હોઈ તેને તોડીને જમીન દોસ્ત કરવા અંગેનો એક ઠરાવ તથા હોસ્પિટલ માટે નવી જગાની જરૂરત ઉભી થતાં ''બખલીવાલા અતિથિ ગૃહ'' વાળા બિલ્ડીંગને દાનમાં માગણી કરવા અંગેનો એક ઠરાવ અને આ પ્રક્રિયામાં જરૂરી ઘટતી તમામ કાર્યવાહી કરવા તેમજ દસ્તાવેજો કાગળોમાં સહી વિગેરે કરવા સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહને સત્તા આપતા ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

વાર્ષિક સામાન્ય સભા પછી તરત જ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં હોસ્પિટલની તેમજ બાલાસિનોર સેવા સમાજની વર્ષ ૨૦૧૫-૧૬ માટેની સ્થાનિકસમિતિના સભ્યોની નિમણૂંક અંગેનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતાં.

વાર્ષિક સામાન્ય સભા પછી તરત જ મળેલી કાર્યવાહક સમિતીની સભામાં હોસ્પિટલની તેમજ બાલાસિનોર સેવા સમાજની વર્ષ ૨૦૧૫-૧૬ માટેની સ્થાનિક સમિતિના સભ્યોની નિમણુંક અંગેનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

કારોબારી મંત્રીશ્રી નિતિનભાઈ પરીખે સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામ માટે જરૂરી કાર્યવાહી કરવા માટે એક પેટા સમિતિ નિમવાની રજુઆત કરેલ જેને ચર્ચા વિચારણા બાદ ગ્રાહ્ય રાખી પ્રમુખ સ્થાનેથી પાંચ સભ્યોની એક પેટા સમિતિની નિમણુંક કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ચાલુ વર્ષે સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી 'ડેડબોડી માટે કોલ્ડ સ્ટોરેજ તથા પોસ્ટમોર્ટમ રૂમ'ના બાંધકામ માટે જે રૂપિયા દશ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તે અંગે જરૂરી પ્રક્રિયા કરવા સહી વિગેરે કરવા સ્થાનિક મંત્રીશ્રીને સત્તા આપતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલા.

૧) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ નિદાન કેમ્પઃ તા. ૧૩-૯-૧૫ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૨૪ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ રૂા. ૧૨૨૧૦/-ના ખર્ચે ફ્રી કરવામાં આવેલ. ૧૧૭ દર્દીઓને દશ દિવસની રૂા. ૧૬૨૦૫/-ની ફ્રી દવાઓ મળીને કુલ રૂા. ૨૮૪૧૫/-ની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ખ્યાતનામ ફિઝીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) તથા તેઓના ડોકટર્સની ટીમે સેવાઓ આવેલ. હવે આગામી ડાયાબિટીસ નિદાન કેમ્પ તા. ૬-૧૨-૨૦૧૫ના રોજ યોજવામાં આવેલ છે.

કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ

અમેરીકા નિવાસી કમળાબેન અને પુનમચંદ ભીખાલાલ પરીખ (રોકડીઆ)ના પરિવાર તરફથી રૂા. ૨૫ (પચ્ચીસ) લાખના માતબર દાનનું સુપર સ્પેશીયાલીટી સેન્ટરના એક વીંગ માટે વચન મળેલ છે.

**ઓપરેશન મીતી યોજનાઃ**

૧) માલતીબેન કિરીટકુમાર શાહ રૂા. ૭,૫૦૦/-
(૧૯મી ઓગસ્ટ)

**સંસ્થા દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.**

**- માનદ મંત્રીશ્રીઓ :**
**શ્રી રાજેન્દ્ર દેસાઈ,**
**શ્રી નિતિન પરીખ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## મુખ્ય મહેમાન

## સ્નેહ સંમેલન

### મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા)



મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) સુરત નિવાસી સ્વ. તારાબેન તથા સ્વ. રમણલાલ ચુનીલાલ શાહ (સુરતવાળા)ની ૧૯૩૭માં જન્મેલ મેટ્રીક પાસ પુત્રી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીયા (શહેરાવાળા) ૧૯૫૮ની સાલમાં સ્વ. રમેશચંદ્ર રમણલાલ ધારીયા સાથે લગ્નગ્રંથીથી જોડાયા અને ફળ સ્વરૂપે ત્રણ દીકરાની માતા બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ૪૦ વર્ષ સુધી સુખી સંસારમય જીવન જીવ્યા અને હંમેશા પતિ તેમ જ પુત્રોની ઉન્નતિનું કારણ બન્યા. આજે ૭૮ વર્ષ તેઓ ત્રણ પેઢી સાથે આનંદીત જીવન જીવે છે. નામ પ્રમાણે મૃદુ(કોમળ) સ્વભાવના મૃદુલાબેને દિવાળી સ્નેહ સંમેલનના મુખ્ય બનીને મહિલા વિભાગને એમના ઋણી બનાવ્યા છે. મહિલા વિભાગ તેમનો દિલથી આભારી છે.

❖❖❖❖

તા. ૧૨-૯-૧૫ શનિવારે બપોરે ૨.૩૦ કલાકે માધવબાગ ખાતે GAMES નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કમિટી મેમ્બર્સ તથા વોલીન્ટીયર બહેનોની સરાહનીય કામગીરીને કારણે ખૂબ જરૂરી સફળ રહ્યો હતો. ૧૦ બહેનોનું એક એવા ૨૩ ગ્રુપ એટલે ૨૩૦ બહેનોને એક સાથે ૪ Games રમાડવામા આવી હતી. આ કાર્યક્રમ માટે એક well wisher તરફથી રૂપિયા ૮૦૦૦ નું ડોનેશન મળ્યું હતું. જેના માટે મહિલા વિભાગ ખરેખર આભાર વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં પણ આવા સખાવતી દાતાઓના મહિલા વિભાગને લાભ મળે એવી આશા રાખીએ છીએ. ૩ કલાકે શરુ થયેલ આ કાર્યક્રમ ૬ કલાકે સમાપ્ત થયો હતો. પાંચ ગ્રુપને પ્રાઈઝ તથા બાકીના બીજા બધાને પાર્ટીશીપેટ ગીફ્ટ આપવામાં આવી હતી. આવનાર દરેક વ્યક્તિને કચોરી, ચેવડો તથા એપલના પેકેટ આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ હાજર દરેક મેમ્બર્સનો દિલથી આભાર માને છે.

**- સંયોજક : અમી ધારીઆ**

**મો.:૯૯૬૯૧૧૪૦૮૩**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **વિનીતભાઈ રતીલાલ ગાંધી**
  ૩૯-૪૦, કૃષ્ણબાગ, બીજો પારસીવાડો,
  બીજેમાળે, વી.પી.રોડ,
  વી.પી.રોડ પોલીસ સ્ટેશન સામે, મુંબઈ - ૪
  **મોબાઈલ : ૯૯૮૭૪૬૬૬૦૯**
- **જયેષ નવનીતલાલ પરીખ**
  બી-૨૦૬, એ-૬૧, યોગી છાયા, લીંક રોડ સામે,
  યોગીનગર, બોરિવલી વેસ્ટ, મુંબઈ - ૯૧
  ફોન : ૨૮૯૮૨૪૧૪,
  **મોબાઈલ : ૭૩૦૩૦૬૯૯૬૧**
- **રાકેશ અશ્વિન કડકીઆ**
  બી-૪૮, તારાબાગ એસ્ટેટ, ત્રીજે માળે,
  ૨૯૭, ચર્નીરોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
- **પ્રબોધ રસિકલાલ કડકીઆ (હાલોલવાળા)**
  મંગલમય ટાવર, ૪૦૩, ચોથે માળે,
  એમ.જી.ક્રોસ રોડ નંબર ૧,
  કાળા હનુમાન મંદિરની બાજુમાં,
  જ્યોતિ પાર્ક રોડ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ - ૬૭
  **મોબાઈલ : ૯૯૮૭૩૯૨૦૮૫**
  ૯૮૯૨૧૫૨૧૮૨/૨૮૦૮૯૪૨૧
- **દિનેશ ચીમનલાલ પરીખ (રાઠોડીયા)**
  ૪૪-૪૫, એન્ટરપ્રાઈઝ એપ્ટર્સ,
  ફોરજેટ હીલ રોડ, તાડદેવ, મુંબઈ - ૩૬
- **વસંત કે. પરીખ**
  હાઉસ્ નંબર - ૩-૪-૧૦૬,
  એ-૫૦૩-૫૦૪,
  મે ફ્લાવર પાર્ક, મલ્લાપુર
  હૈદ્રાબાદ - ૫૦૦૦૭૬
  તેલંગણા
  **મોબાઈલ - ૯૯૬૬૧૦૨૫૨૬**

## જ્ઞાતિ ગૌરવ

- કૃષ્ણા ધારીઆ Post Graduate Degree Course in Socieal Work in 70 % સાથે પાસ થયા છે.
- નિકિશ શિરીષ પરીખ B.Sc. in Hospitality studies & catering Services in First class સાથે પાસ થયા છે.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| કુસુમબેન બાબુલાલ મોદી | ૭૭ |
| મહેન્દ્ર ચતુરલાલ દેસાઈ | ૭૭ |
| દીપકભાઈ નટવરલાલ ધારિયા (અમેરીકા) | ૬૬ |
| કરુણાબેન લાલચંદ પરીખ | ૭૬ |
| કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) | ૭૦ |
| અમિષા મનીષકુમાર દેસાઈ (કલકત્તા) | ૪૩ |
| ઈન્દુમતી ચંદ્રકાંત પરીખ (રોકડીયા) | ૭૮ |
| જ્યોત્સનાબેન અતુલભાઈ કડકીઆ (વાઘોડીયા) | ૪૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## નેત્રદાન



ચક્ષુદાન કરેલ છે.
અમિષા મનીષકુમાર દેસાઈ
(કલકત્તા) - ૪૩

**ચક્ષુદાન કરેલ છે.**
**જ્યોત્સનાબેન અતુલભાઈ કડકીઆ (વાઘોડીયા) - ૪૨**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**